Vibrant

The Ultimate Darshan of **Shree ShreeNathji**

Showcasing various types of Darshan with Language

Gujarati () testaments


जय श्री कृष्णा

દર્શન સૂચિ

દર્શન ....
. 3

દર્શન કેમ અને કેવી રીતે ?

દર્શન – દર + અશન = **દર્શન** . મનુષ્યને અનેક દ્વાર છે , દરેક દ્વારને દર છે અર્થાત દરવાજો છે . જેને મનુષ્યમાં પ્રવેશ કરવો હોય તો આ દ્વારોથી જ થાય . આ દ્વારોમાં સર્વોત્તમ દ્વાર નયન દ્વાર છે . મનુષ્યનું જીવન આ દ્વારથી જ યોગ્ય – સર્વજ્ઞ – જ્ઞાની બને છે . અશન – સ્થિર કરવું . નયન દ્વારથી જે દ્રષ્ટિને પ્રવેશ આપ્યો , તે પ્રવેશ યોગ્ય અને ઉત્તમ હોય તો તે દ્રષ્ટિ શ્રેષ્ઠ અને ઉચ્ચ પરિણમે છે . આ દર્શનને વારંવાર પ્રવેશ આપવામાં આવે તો તે દ્રષ્ટિ મનુષ્યને અદભુત અને અલૌકિક આનંદનો અનુભવ અને સૂકક્ષિત સંસ્કાર પ્રસ્થાપિત કરે છે . જેનાથી મનુષ્ય ઉત્કૃષ્ટ અને સર્વોતમ જીવન જીવતા જીતતા અજ્ઞાનતા નષ્ટ કરે છે .

૧. દર્શનનું મહાત્મય
૨. દર્શનનાં પ્રકાર
૩. દર્શનની લાક્ષણિક્તા
૪. દર્શનનો જ્ઞાનોભાવ
૫. દર્શનનું પરિણામ

૬. દર્શનનાં દંડવત
૭. દર્શનની સાક્ષરતા
૮. દર્શનની સામ્યતા
૯. દર્શનની સંપૂર્ણતા

દર્શનનું મહાત્મય – દર્શનનું મહાત્મય અભિન્ન અને અનેક વિવિધતા સ્પર્શ સભર છે. સ્વ સ્પર્શ
– સ્વ અનુભૂતિ આધારિત છે. દર્શન – આંતરિક ઉર્મિ, સ્વ ભૂમિકા, સ્વ કક્ષિત પ્રમાણિત છે. હિંદુ સંસ્કૃતિનું સર્વોત્તમ સૈદ્ધાંતિક પ્રમાણ જે દર્શન દર્શનથી મનુષ્યને જાગૃત કરે છે. અનોખી અને અલૌકિક નિધિ. દર્શન જ અનેક પ્રકારની શિક્ષા, કળા, રંગ, ભાવ અને જ્ઞાનની પૂર્ણતા પર પ્રકાશ પાથરે છે. મનુષ્ય જીવનનાં મધુર આનંદનું સર્વ શ્રેષ્ઠ પ્રમાણ છે. પ્રકૃતિ અને સૃષ્ટિ સાથે મનુષ્ય કેટલો ઓળખ ભરેલ અને સંકળાયેલ છે તેનો અનોખો સ્વ અનુભવ છે.

દર્શન સંસ્કૃતિ – દર્શન પદ્ધતિ – દર્શન નિધિ અને દર્શન રીતિ નાં ઘડવૈયાએ જીવ સૃષ્ટિને એવું સર્વોચ્ચ સાધન પ્રદાન કર્યું છે જે ક્ષણે ક્ષણે જીવની યોગ્ય દિશા અને દશા દર્શાવે છે.

જન્મ જન્મોની પરબ્રહ્મ સાથેની પરાકાષ્ઠા સિદ્ધ કરે છે. “ तेरा ही ब्रह्म खुद को तेरे दर्शन से तुझमें समाते है “।

મન – તન – ધન – જીવન – દર્શન એક = મનોરથ - ઉર્મિ – અર્થ – કાળ – સમર્પણ નેક

શ્રીશંકરાચાર્ય – શ્રીરામાનુજાચાર્ય – શ્રીમાધ્વાચાર્ય – શ્રીનિંબાકાચાર્ય – શ્રીવલ્લભાચાર્ય અને શ્રીગુંસાઈજી પરમ દયાળે જે સંસ્કૃતિ જગાઈ – હરિહર આતમ પરમાત્મા સમાઈ।

દર્શનનાં પ્રકાર
દર્શન નાં અનેક પ્રકારો છે – દ્રષ્ટિ તેવાં દર્શન – જ્ઞાન તેવાં દર્શન – ભાવ તેવાં દર્શન પરબ્રહ્મનાં અંશ છે એટલે ઘડી ઘડી દર્શન, ક્ષણ ક્ષણ દર્શન, આંતર આંતર દર્શન, બાહ્ય બાહ્ય દર્શન
મંત્ર દર્શન – યંત્ર દર્શન – તંત્ર દર્શન અને સંસ્કાર દર્શન - પ્રીત દર્શન - જીવનનાં અનેકો દર્શન
જીવનની દિન ચર્યાને ગૂંથી ગૂંથી સર્વે દર્શનોનાં સમાવેશ સાથે આનંદની ઊર્મિઓ જાગે માટે દર્શન
“ હું તો આઠે સમાની ઝાંખી રે કરું “ મેં તો ચીતડું શ્રીનાથજી ને ચરણે ધર્યુ
મારાં ઘટમાં બિરાજતા શ્રીનાથજી, શ્રીયમુનાજી, શ્રીમહાપ્રભુજી “
આ અદભુત પંક્તિ તરત મનમાં ગૂંજે છે
કેમ? તો દર્શન. અદ્ભુત છે આ આઠ સમા – આ આઠ સમા એટલે એક દિવસ રાત. આઠ પ્રહરનાં દિવસ રાત. ત્રણ કલાકનોં એક પ્રહર – ચોવીસ કલાકનાં આઠ પ્રહર. આઠ સમા નાં આઠ પ્રહર. એટલે જ ઘડી ઘડી દર્શન.
આચાર્યોની અદ્ભુત દ્રષ્ટિ – સંસ્કૃત સૃષ્ટિ – સંસ્કાર વૃષ્ટિ – બ્રહ્મ પ્રકૃતિ. નિત્ય નિત્ય દર્શન – આનંદ આનંદ જીવન.

શ્રીમહાપ્રભુજી દૈવી જીવોનો ઉદ્ધાર કેવી રીતે કરવો તેની ચિંતામાં વિચારમગ્ન છે,
ત્યારે શ્રીઠાકોરજી તેમને દર્શન આપે છે.

પ્રથમ – મંગલા દર્શન – બ્રહ્મ મુહર્ત થી આરંભ
દ્વિતીય – શૃંગાર દર્શન – સૂર્યોદય – દિન પ્રારંભ
તૃતીય – ગ્વાલ દર્શન – કર્મ યજ્ઞ – સંસ્કાર સંસ્કૃત સિંચન
ચતુર્થ – રાજભોગ દર્શન – સિદ્ધિ વૃદ્ધિ ફલ શ્રુતિ સૃજન – અર્ચન – તર્જન – ભંજન પંચમ – ઉત્થાપન દર્શન – જીવન નિધિ સંસ્થાપના
ષષ્ઠ – ભોગ દર્શન – કર્મ નિધિ ઉત્સર્ગતા – ફલ શ્રુતિ ઉપાસના
સપ્ત – સંધ્યા આરતી – આનંદ ઉત્સવ લીલા – મધુર મિલન લીલા – નિકુંજ લીલા
અષ્ટ – શયન દર્શન – રંગ ઉમંગ લીલા – સુસંસ્કરણ નિધિ – આનંદ પરમાનંદ વંદના

દર્શનની લાક્ષણિક્તા એક પ્રમાણ છે દર્શનની યોગ્યતાનું. દર્શન ઉચ્ચ અને ઉત્તમ પ્રકારની પ્રક્રિયાનું સામર્થ્ય છે. જે અસામાન્ય અને અસાધારણ છે. દર્શનની કક્ષા પામવી સંસ્કાર – સિદ્ધાંત અને દ્રડ નિશ્ચયનો સંકલ્પ અને પ્રતિજ્ઞા છે.
દર્શન કરવા એટલે સ્વ જાગૃતતા – સ્વ યોગ્યતાને કેળવેલી ધર્મ પરાયણતા છે. પુષ્ટિમાર્ગમાં દર્શન એક સંસ્કાર છે, જે પુષ્ટિમાર્ગનાં નીતિ નિયમનું પાલન કરી પોતાને નિશ્ચિત કરેલા માર્ગ પર ડગ ભરી નક્કી કરેલ દિશા તરફ પ્રયાણ કરે તે જ વ્યક્તિ આ લાક્ષણિક્તાની યોગ્યતાનું પાત્ર છે. દ્રષ્ટિ – વૃત્તિ – કૃતિ – મતિ અને સ્વીકૃતિ પર જ આ લાક્ષણિક્તાનો આધાર છે. દર્શનની લાક્ષણિક્તામાં નિર્મલતા, નિરપેક્ષતા, નિડરતા, નિર્દોષતા, નિર્ભયતા, નિર્મોહતા, નિ:સ્વાર્થતા, શુદ્ધતા, પવિત્રતા, શ્રદ્ધા, પ્રમાણિક્તા, વિશ્વાસ અને નિર્ગુણતા મુખ્ય છે. દર્શનની મૂલ્યતા જાગે છે – જિજ્ઞાસા, શિક્ષાની ઉત્તેજના, દ્રઢ સંકલ્પ, ઉમંગ અને સ્વીકાર્યની સિદ્ધતા જ દર્શનનો આનંદ પામી શકે છે. દર્શનનો પ્રતિભાવ લૂટાવી શકે છે. દર્શનની અનુભૂતિ – દર્શનની અભિભૂતિ અલૌકિક અને વિસ્મરણીય છે.

દર્શનનો જ્ઞાનોભાવ
કોઈ પણ ક્રિયા જ્ઞાન અને ભાવ નાં સમન્વયથી થાય છે. દર્શન તો અલૌકિક અને સર્વોચ્ચ છે, તો દર્શન માટેનું જ્ઞાન અને ભાવ તે અતિ ઉત્તમ અને અનોખા છે. દર્શન માટેનું જ્ઞાન નિર્દેશન અને અનુભૂતિ થાય છે. જ્ઞાનાચાર્ય – ધર્માચાર્ય અને કૌટુંબિક સંસ્કાર આ ધોરણે અતિ મહત્વ અને યોગ્યતા સિંચિત છે. દર્શનની ગુણવત્તા, દર્શનની કક્ષા, દર્શનનાં સિદ્ધાંતો, દર્શનની પરિપકવતા, દર્શનની શ્રદ્ધા, દર્શનની શ્રેષ્ઠતા, દર્શનની પરાકાષ્ઠા, દર્શનની વિશિષ્ઠતા, દર્શનની અભિન્નતા, દર્શનની વિવિધતા, દર્શનની દિશા, દર્શનથી દશા, દર્શનની સમર્પણતા,

દર્શનની ઉમંગતા, દર્શનની ઊર્મિઓ, દર્શનનો વિરહ, દર્શનથી તાપ, દર્શનથી મિલન, દર્શનની એકાગ્રતા, દર્શનની એકાત્મતા અતિ ભાવાતિત છે. જ્ઞાન – ભાવથી કરાતા દર્શન જ પ્રેમાગ્નિ પ્રકટાવે છે. આ પ્રેમાગ્નિ કેવળ દાસત્વ અને શરણાગતની સ્થિતિ પરિણમે છે. દર્શનનું જ્ઞાન અને આંતરિક ઊર્મિઓનું ઉત્સવું જ દર્શનની પરાકાષ્ઠા છે. મનનાં મનોરથ – તનનો તિરોભાવ – ધનનો ધારણ સમર્પિત ભાવ – જીવન જીવવાનો જાગૃત ભાવ દર્શનથી જ ઉત્કૃષ્ટે છે. જે મધુર મધુર અને મધુર જ પ્રસાદે છે. એટલે જ આચાર્યશ્રીએ અનુભવી અલૌકિક રચના કરી –
“ અધરં મધુરં વદનં મધુરં નયનં મધુરં હસિતં મધુરં, હ્રદયં મધુરં ગમનં મધુરં મધુરાધિપતે રખિલં મધુરં “



પુષ્ટિમાર્ગ પ્રાકટ્ય દિન - પ્રથમ મિલન - શ્રીનાથજી - શ્રીવલ્લભાચાર્યજી

દર્શનનું પરિણામ

હું કઇંક છું, મને સત્ય – સિદ્ધાંત – જ્ઞાન – ભાવની અખંડતા, અદ્ભુતતા, અસાધારણતા, વિવિધતા, ઉત્કૃષ્ટતા, વિશેષતા, અમૃતતા, સામર્થ્યતા, સાર્થકતા, નમ્રતા, કરુણતા, દૂરંદેશી, વિશિષ્ઠતા, સમાનતા, વિદ્યતા આદિ દિશા સૂચક – માર્ગદ્રષ્ટા – સત્ય – સિદ્ધાંત એકરૂપતાની અસરો, અનુભૂતિ, સંસ્મૃતિ, સંસ્કૃતિનો સ્ત્રોત આનંદ જ ઉત્સવે – ઉદભવે – જગાડે – પમાડે તો દર્શનની પરાકાષ્ઠા સ્વ મન, સ્વ તન, સ્વ ધન, સ્વ જીવન અને સ્વ સ્પંદનથી સૃષ્ટિ, પ્રકૃતિ, જગત અને બ્રહ્માંડને તેજોમય કરે છે. દ્રષ્ટિ દ્રષ્ટિમાં બ્રહ્મ – કૃતિ કૃતિમાં બ્રહ્મ, શ્રુતિ શ્રુતિમાં બ્રહ્મ, વૃત્તિ વૃત્તિમાં બ્રહ્મ, મતિ મતિમાં બ્રહ્મ, નેતિ નેતિમાં બ્રહ્મ, તત્વ તત્વમાં બ્રહ્મ, સમગ્ર બ્રહ્મ. અહંકાર નષ્ટ, અંધકાર નષ્ટ, અજ્ઞાન નષ્ટ. કેવળ અને કેવળ પ્રેમ – પ્રેમ અને પ્રેમ. કરુણા – કરુણા અને કરુણા.
“ અહંતામમતાનાશે સર્વથા નિરહંકૃતૌ । સ્વરૂપસ્થો યદા જીવ: કૃતાર્થ: સ નિગદ્યતે ।। “
“ પરં બ્રહ્મ તુ કૃષ્ણો હિ સચ્ચિદાનન્દકં બૃહત્ । દ્વિરુપં તદ્ધિ સર્વમ સ્યાદેકં તસ્માદ્વિલક્ષણમ્ ।। “ દર્શનનાં દંડવત
હે શ્રી આચાર્ય! આપને કોટી કોટી દંડવત પ્રણામ! આપની પ્રેરણા, આપના સંકેત અને આપની કૃપા ક્ષણ ક્ષણ અદ્ભુત અને અલૌકિક આનંદ પ્રદાન કરે છે. જે જીવ આપની શરણાગતમાં છે તેને આપ અનોખી સંવેદનાથી સિંચી રહ્યા છો. મારુ સામર્થ્ય કેવળ આપથી – મારુ સાનિધ્ય કેવળ આપ છો. અનેક દોષોથી ભરેલ આ જીવ – જીવનને આપ પુષ્ટિ ધારાથી પુષ્ટિમય – પુષ્ટિલય અને પુષ્ટિ અભય કરી રહ્યા છો. દર્શનનાં સાધનથી આપ મને દર્શનાધિશ માં પરિવર્તન કરી મને દાસાનું દાસત્વ પમાડી રહ્યા છો. દંડવત એટલે સર્વથા સમર્પણ – સર્વજ્ઞ આચરણ – પુષ્ટિ સ્પંદનનું આવરણ. હું આપને

શરણે – હું આપને ચરણે – હું આપને વરણે – હું આપને ધરણે. દર્શનનાં દંડવત આદરવા એટલે સંપૂર્ણતા થી હું આપનો. જ્યારથી આપે મને સ્વીકાર્યો ત્યારથી હું કેવળ અને કેવળ આપનો – આપનો અને આપનો.
“ અનન્યસ્તન્મના નિત્યં પઠેદ્ય: શરણાષ્ટકમ્ । સ લભેત્સાધનાભાવયુક્તોડપ્યેતત્પદાશ્રય: ।।
આપના દર્શનથી હું કૃતાર્થ થયો છું, સદા યાચું છું આપનું ગુરુત્વ
દંડવત પ્રણામ



દર્શનની સાક્ષરતા
મનુષ્ય શિક્ષા અને શિક્ષિત સંસ્કારમાં અતિ ગતિશીલ છે. જેમ જેમ તે વધુ અને વધુ અભ્યાસ અર્થે સભાન થતો જાય છે તેમ તેમ તેની જિજ્ઞાસા વૃત્તિ વધુ ને વધુ વિકસિત થતી જાયે છે. જેથી તે હવે તુરંત જ સિદ્ધાંત, કારણ, વિજ્ઞાન અને નિયમો, પ્રમાણોનાં અનુસંધાનથી ગુણવત્તા માપે છે અને પછી જ સ્વીકાર કરે છે – અપનાવે છે. શ્રદ્ધા વિશ્વાસ અને સ્વીકારથી જે સ્વ અપનાવવું તેને ઉત્સાહિત – આનંદિત અને પ્રેરણા બને છે. જે ઠોકી બેસાડવું, ફરજ પાડવી, દબાણ કરવું વિગરે અસંતોષ અને અસ્વીકારની ભાવના વૃત્તિ જગાડી તેને સત્યથી, યોગ્યતાથી, સંસ્કારોથી, શ્રેષ્ઠ જીવન નિયમનોથી દૂર કરે છે. અણગમો ઉત્પન્ન કરે છે.
માતાપિતા, વડીલ વ્યક્તિત્વો, સમાજ ધર્મીઓ અને સ્નેહ સંબંધીઓ સદા આ યોગ્યતા નિયમનોને સ્વીકારી, શ્રેષ્ઠ સાક્ષર વ્યવસ્થા ગોઠવવી જ તેઓની જવાબદારી અને મૂળ હેતુ છે. તેઓ સ્વ

સાક્ષર હોઈ આ નીતિ નિયમો નીડરતાથી, અંધશ્રદ્ધા અને માન્યતા દૂર કરી અચૂક ગોઠવવા અને પાળવા જ યોગ્ય બંધારણ ઘડવું જોઇયે. સ્વ સાક્ષરતા જો સંસ્કાર, સંસ્કૃતિ અને ધર્મનાં નિયમોની અઘટિત રીતે અહવેલના – આંખ આડા કાન – અસામર્થ્યતા જતાવે, તો તેઓ શોભિત સાક્ષર કહેવાય. જે કેવળ આડંબરથી જ જીવન વ્યતીત કરી પોતાના વંશજ અને ધર્મનું નિકંદન કરે છે. પશ્ચિમનાં સમાજનું અનુકરણ શબ્દ કહીને સ્વ અને સ્વજનતા ને નષ્ટ કરે છે. આજે અનેક ભાષાનાં સચિત્ર ધર્મ – સંસ્કાર પુસ્તકો છપાવે છે પરંતુ મૂળ ભાષા, માતૃ ભાષામાં તેઓ નહીં છપાવીને સ્વ સાક્ષર કે નિષ્ણાત સમજે છે તે આજનાં સમાજ અને કુળ વંશજ માટે ધાર્મિક ક્રૂરતા જગાડે છે. જે અતિ ભય વાહક, ભયોદય અને સાક્ષર જીવન ધર્મ કલંકિત છે.
જાગવું તો પડે જ
નીડર તો બનવું જ
યોગ્ય સંગ સત્સંગ જ
અધર્મી – વિધર્મીથી દૂર જ
સંસ્કાર – સંસ્કૃતિનું ઉત્થાન જ
તો જ સાક્ષર.
તો જ ધર્મિષ્ઠ.
તો જ પુષ્ટિત્વ.
તો જ દર્શન.

[illegible]

સામ્યતા એટલે સ્વ માં કેટલી પુષ્ટિ સમાવવાની શુદ્ધતા , પવિત્રતા , નિષ્ઠા , શ્રદ્ધા તનમયતા , દાસત્વ , પ્રજ્ઞાનતા , ભાવાત્મકતા , ગુણાતીતતાની સાર્થકતા – સાયુજ્યતા – સામંજસ્તા અને અખંડતા અનિવાર્ય છે . હિંદુ સંસ્કૃતિ – સંસ્કાર ધર્મ ચારિણી શ્રીમીરાબાઈ એક એવું ચરિત્ર છે જે આ દર્શનની સામ્યતાનું અજોડ , અદ્ભુત અને અલૌકિક ચરિત્ર છે – દ્રષ્ટાંત છે – સીમાચિન્હ છે .
અષ્ટસખા પુષ્ટિમાર્ગ ચરિત્રોની મૂળ ધરોહર જેઓ એ સ્વ જીવનથી સિદ્ધ કર્યું – દર્શનની સામ્યતા એટલે શ્રીવલ્લભાચાર્યજીની કાનીથી અને સ્વામિની શ્રીયમુનાજીની શરણાગતથી પર બ્રહ્મ મૂળતત્વમાં સમાવવું .
હે શ્રીવલ્લભ ! આપ કેટલા કૃપાળુ છો – જાગૃત છો – સંવેદનશીલ છો , જે ભૂતલનાં જીવો માટે પુષ્ટિમાર્ગનું પ્રાકટ્ય આદર્યું .
‘ દમલા ! યહ માર્ગ તેરે લિયે પ્રકટ કિયો હૈ ‘

દર્શનની સંપૂર્ણતા

સંપૂર્ણતા અર્થાત પૂર્ણ પૂર્ણ થી સંપૂર્ણ . દર્શનની પ્રાથમિક ભૂમિકાથી દર્શનની સંપૂર્ણ ભૂમિકા ભજવવી અતિ દુર્લભ અને અતિ પુરુષાર્થી છે . જન્મથી સંપૂર્ણતા મનુષ્ય જીવનની

સર્વોચ્ચતા – સર્વોત્તમતા છે. પુરુષોમાં ઉત્તમ એટલે પુરુષોત્તમ તેમ જીવોમાં ઉત્તમ કેવળ દાસોત્તમ. દાસ દાસ થી દોષો વિહીન – દાસ દાસથી દોષોન્મુક્ત – દાસ દાસથી શરણં મમ, દાસ દાસથી દર્શનાર્થી. દરશ દરશથી દ્વાર સુધી – દ્વાર દ્વારથી ગર્ભગૃહ સુધી – ગર્ભગૃહથી ગૃહપતિ સુધી – ગૃહપતિથી ગૃહાત્મા સુધી – ગૃહાત્માથી ગૃહ હ્રદયસ્થ સુધી. દર્શનની આ પરાકાષ્ઠા છે. જે પૂર્ણ પૂર્ણથી સંપૂર્ણ.
દર્શન એટલે યાત્રા – દર્શન એટલે શાસ્ત્ર – દર્શન એટલે શાસન – દર્શન એટલે આસન – દર્શન એટલે નમન – દર્શન એટલે દર્પણ – દર્શન એટલે ધરણ - દર્શન એટલે સમર્પણ – દર્શન એટલે શરણ – દર્શન એટલે વરણ.
અદ્ભુત મહાત્મય – અદ્ભુત જ્ઞાનમય – અદ્ભુત ભાવમય – અદ્ભુત આનંદમય છે આ સંસ્કાર – સંસ્કૃતિ – સમવૃત્તિ – સમર્પિતી – આકૃતિ – જાગૃતિ – પ્રકૃતિ – નિવૃતિ – સમ્મતિ - મુક્તિ – પરમગતિ – શરણાગતિ – એકાત્મતિ – મધુરાધિપતિ.
“ હરિમૂર્તિ: સદા ધ્યેયા સંકલ્પાદપિ તત્ર હિ । દર્શનં સ્પર્શનં સ્પષ્ટં તથાકૃતિગતિ સદા ।। “





અદ્ભૂત – અનોખી અને આનંદ જગાડી જે રીત – જે નિધિ – જે જ્ઞાન – જે ભાવ જીવન જીવતા જીવતા શ્રીપ્રભુ શરણ, શ્રીપ્રભુ ચરણ અને સદા શ્રીપ્રભુ સ્મરણ કરે તે જીવન મધુર છે – મધુર છે – મધુર છે.
અનેકોઅનેક જીવનની ઘટમાળ – પરિસ્થિતી – સંજોગો અને ચરિત્રો જોયા – અરે! સ્વ ચરિત્ર પણ જોયું અને જોઇયે છે, સર્વેમાંથી નિજાનંદ ક્યારે? સર્વાનંદ ક્યારે? પરમાનંદ ક્યારે? અખંડાનંદ ક્યારે?
જ્યારે આપણે ક્ષણ ક્ષણ જાગૃત રહીએ, શિસ્તમાં રહીએ, સિદ્ધાંતમાં રહીએ, સ્થિર રહીએ, સમાંતર રહીએ, જ્ઞાનમાં રહીએ, ભાવમાં રહીએ, સાથ સાથ રહીએ, નિરપેક્ષ રહીએ તો અવશ્ય આનંદ – આનંદ અને આનંદ.
અતિ ગહનતાથી સમજીએ – અતિ તીવ્રતાથી જાણીએ, અતિ જિજ્ઞાસાથી આતુર રહીએ તો અવશ્ય આપણે આ સૃષ્ટિ, પ્રકૃતિ, સંસાર, જગત અને બ્રહ્માંડથી સદા પામીયા જ કરીએ છે અને જે પામીએ છે તે આપણો જીવ, આપણો સ્વભાવ, આપણું ચરિત્રથી જ તે પરિસ્કૃત થાય છે. આપણી જેમ અસંખ્ય જીવો જીવન જીવે જ છે અને જે જીવોમાં ઉત્કૃષ્ટતા, તરવરાટ, સુખ અને આનંદ જ પામતા હોય તો ચોક્કસ સમજવું તે જીવ ઉત્તમ – પરમોત્તમ – સર્વોત્તમ છે. દર્શનનો મૂળ આધાર આ જ છે. દર્શનનો અર્થ સદા શ્રીપ્રભુ દર્શનથી એકાત્મ થતાં થતાં આપણાંમાં જે આનંદ પ્રકટ થાય તે આનંદ આપણે સર્વમાં – સર્વસ્થ સર્વથા ઉદભવીએ તો દર્શન.
શ્રીવલ્લભાચાર્ય આ હતા, આપની જીવન શૈલી, જીવન કળા, જીવન પુરુષાર્થ, જીવન નિધિ અને જીવન પરિસ્કૃતિ કેવળ અને કેવળ આનંદ જ પ્રકટ થતો હતો. “ વલ્લભ “ નો અર્થ આનંદ – તો આપણો અર્થ પણ આનંદ જ હોય. દરેક જીવન જોઇયે તો દરેકને સમયબદ્ધ, કાળબદ્ધ સંજોગ – પરિસ્થિતી હોય જ. જીવન જીવવાનાં મંચ પર આવ્યા છે તો યોગ્ય જીવનની પરિસ્કૃતિ તો અવશ્ય પરમોત્તમ પરિમિત કરવાની જ

છે. જે સાધન હોય – જેવા સાધન હોય, ગતિ પુરુષાર્થથી નવનિર્માણ કરતા કરતા સ્વ ઓળખ તો દર્શાવવાની જ છે. તો જ સમયનાં વહેણને યોગ્ય માર્ગ આપી શકીશું.
શ્રીવલ્લભાચાર્યજીએ પોતાનું જીવન પુષ્ટિ બિંદુથી લઈને પુષ્ટિ સાગર ઘડ્યું. આ જ ચરિત્રએ જીવનની અનેક ઘટમાળોને પામી, એક એવો માર્ગ પ્રસ્થાપિત કર્યો જે કેવળ આનંદ જ પ્રદાન કરે છે – પ્રેમ જ લૂટાવે છે અને સદા અદ્ભુત અને અખંડ જીવન સિદ્ધાંત દર્શાવે છે. જે ચોક્કસ પણે આપણે સ્વીકારવું જ રહ્યું – અપનાવવું જ રહ્યું.
દર્શનની આ મહાત્મયતા, પ્રકારતા, લાક્ષણિક્તા, જ્ઞાનોભાવતા, પરિણામતા, દંડવતતા, સાક્ષરતા, સામ્યતા અને સંપૂર્ણતાને આપના માધ્યમથી કેવળ નિરૂપણ કરી રહ્યો છું. ક્ષણ ક્ષણ નમન કરતા કરતા મારા દાસત્વને અતિ નિકટતા મળે તેવી યાચના.
દર્શનની એક એક સ્પષ્ટતા સત્ય સિદ્ધાંત અનુસાર જ છે. જે કેવળ શ્રદ્ધા, વિશ્વાસ અને અનુભવથી જ પામી શકાય છે.

[illegible]! [illegible] - [illegible] - [illegible], [illegible].

રથયાત્રા – શ્રીપ્રભુ પોતાને મન મન લૂટાવવા, દ્રષ્ટિ દ્રષ્ટિ ઉઘાડવા, સુગંધ સુગંધ પ્રસારવા, અંગ અંગ સ્પર્શવા, પ્રેમ પ્રેમ બાંધવા, અને સર્વે બ્રહ્માંડમાં અંશ અંશ જોડાવવા બાહર પધાર્યા. અદભૂત! બિલકુલ અદભૂત! અલૌકિક! બિલકુલ અલૌકિક! સદા સ્વ લોકમાં બિરાજતા, સ્વ ગર્ભગૃહમાં રાજતા, સદા સર્વે અંશ પર રાજ કર્તા – આજે ખુલ્લા બ્રહ્માંડમાં સ્વ ડગથી, સ્વ કદમથી, સ્વ મનથી, સ્વ આત્માથી એકાત્મની ખેવના, હ્રદયસ્થની ઘટમાળ, વિરહની સમાપ્તિ, પ્રેમની વિભૂતિ ને ગતિ આપવા – નાચતા, કુદતા, ગાતા, હસતા, રમતા, આનંદ વિભોર પામતા અંશ અંશ આંગણે પધારે છે. મારી સૃષ્ટિ – મારી પ્રકૃતિ – મારી આકૃતિ – મારી વૃત્તિની યોગ્યતા પારખતા પારખતા વિજયી થાય છે. સર્વે અંશ એક સ્વરથી પુકારે છે – હે પ્રભુ! આપની જય જય હો! તમારી જય જય હો!



નટવર નાગર નંદા – ભજો રે મન ગોવિંદા! – નટવર સ્વરૂપ ધારણ કર્યું સંસારમાં આનંદ પ્રસ્થાપિત કરવા. જે જે અંશ આ જગતનાં મંચ પર આવે છે, તેને નટવર બનવું જ પડે. નટવરથી જ સંજોગ, પરિસ્તિથી, કાળ અને ભાગ્ય ફળ ભોગવતા ભોગવતા કળામય જીવન જીવવાનું તે જ આ નટવર નાગરનો સંકેત, સંજ્ઞા અને શિક્ષણ છે. હે નટવર! આપ અનોખા છો, ઉત્તમ પ્રેરક છો, શ્રેષ્ઠ આત્મદ્રષ્ટા છો. આપની એક એક નટખટતા યોગ્ય દ્રષ્ટિ, યથાર્થ જ્ઞાન અને આનંદમય કળાનાં લક્ષણોથી અનેક આનંદનાં પ્રકાર દર્શાવે છે જે અસાર, મૃત, દુ:ખ, તકલીફો, મુસીબતોનાં કાળમાં અનેક પ્રકારની સંવેદના, ચેતના અને આશ્વાસન આપે છે. વાહ શ્રીપ્રભુ! વાહ! હે તારણહાર! હે વિશ્વાસધાર! હે કરુણાકાર! આપને શત્ શત્ નમન! આપના એક એક સંકેત – આપની એક એક દાર્શનિકતા અમને સદા આપની તરફ આકર્ષે છે. આપ અમોને કૃતાર્થ કરો.

હે દ્વારિકાધીશ! આપ દ્વારકાનાં રાજા કે પુષ્ટિમાર્ગની પૂજા! હે ભગવદીય! તારી નજર, તારી સમજ, તારી જ્ઞાનતા, તારી ભાવતા, તારી ધર્મતા, તારી દ્રષ્ટતા, તારી વિદ્યતા, તારી પુષ્ટતા જ તને ઉત્તર પ્રેરષે કે હું કોણ છું? દ્વારિકાનાં રાજા જે બ્રહ્માંડનાં સારથી, જે જગતનાં નિયંતી, જે પ્રેમીનાં અવતારી, જે પુરુષાર્થનાં પુરુષાર્થી, જે ભક્તોનાં તારણહારી, જે જ્ઞાનીનાં વિદ્યાધારી અને પુષ્ટિનાં પુષ્ટિવારી. તું જ કહે તારી યોગ્યતાથી – હું દ્વારકાધીશ દ્વારકાનો રાજા કે પુષ્ટિમાર્ગની પૂજા?
હે દ્વારકાધીશ! આપ છો દ્વારકાનાં રાજા, છો પુષ્ટિમાર્ગની પૂજા. મન મન ઐશ્વર્ય, અંગ અંગ વૈશ્વરીય, નૈન નૈન દીર્ઘષ્ય, ધન ધન સુપુર્ય, તન તન શૂરવીર્ય, રંગ રંગ વૈવિધ્ય, સંગ સંગ દાનવીર્ય, વન વન અવરણીય, જીવન જીવન આશ્ચર્ય.
હે દ્વારકાધીશ! આપ પુરુષોત્તમ કેવળ પુષ્ટિ પૂજા, પુષ્ટિ રાજા, પુષ્ટિ દિશા, પુષ્ટિ ધજા, પુષ્ટિ ગૂંજા, પુષ્ટિ વંદના, પુષ્ટિ કરુણા, પુષ્ટિ સ્ફુરણા, પુષ્ટિ શરણા, પુષ્ટિ ઝંખના, પુષ્ટિ આરાધ્યા, પુષ્ટિ રમણા છો.
આપ છો પુષ્ટિમાર્ગનાં દ્વાર - કરશો સહુનો તારણહાર.





સાદ કરે – યાદ કરે – ખ્યાલ કરે તું આવ નિકટ મારે – તું આવ મારી પાસે – તું આવ મારે આંગણ – તું આવ મારે દ્વારે. મારા મનમાં, મારા અંતરમાં, મારા અંગમાં, મારા સંગમાં, મારા રંગમાં, મારા તરંગમાં, મારા હ્રદયમાં, મારા પ્રેમમાં, મારા શરણમાં, મારા વરણમાં, મારા ધરણમાં, મારા કરણમાં, મારા તરણમાં. ભલે તું ભટકે સ્થળે સ્થળે પણ હું છું તારી સજોડે – ભલે હું ઊભો એક મંદિરે – તારાં નયન નયનથી, તારાં મન મંદિરથી, તારાં તન તરુણતાથી, તારાં ધન ધાન્યથી, તારાં જન્મ જીવનથી હું તારી સાથે, હું તારી કાજે.
ના કદી તું અગળો મુજથી – ના કદી ઝગડો મુજથી – સદા મન માની માની – તું એક જે હું સદા સદા સગળો.

નિત નૂતન નિત ભક્ત પ્રિયકં - નિત મન નાં વાચક - નિત તન નાં દાહક - નિત ધન નાં તારક - નિત જીવન નાં કારક - નિત આતમ નાં દીપક - નવ નિત તું - નવ નિત સ્મરણ - નવ નિત દર્શન - નવ નિત સિંચન - નવ નિત ભજન

હે નવનીત પ્રિયા ! પુષ્ટિમાર્ગ નાં પ્રાથમિક પ્રિયા - શ્રી વલ્લભ નિત નિત નવનીત જગાવે - શ્રી વિઠ્ઠલ નિત નિત નવનીત શૃંગારે - શ્રી અષ્ટસખા નિત નિત ભાવ જગાવે - પરમ ભગવદીય નિત નિત લાડ લડાવે - જન જન નિત દર્શન આવે

લૂટે પુષ્ટિ નવ નિત જગ્દા તારે - પુષ્ટિ પુષ્ટિ પુષ્ટિ પુષ્ટિ નવ નિત સંચરે - કણ કણ પુષ્ટિ નવ નિત વિસ્તરે - આવી તારી કૃપા લીલા અગાધ - જન જન પુષ્ટિ જન સાધે - નિત નિયમ જીવન નાં બાંધે - દર્શન થી સઘળા દુ :ખ ત્યાગે

નવનીત - નવનીત - નવનીત - નવનીત

ગૃહે ગૃહે પધારે મારો નંદ ગોપાલ – દ્વારે દ્વારે કરે આનંદ નો ફૂવાર મનનાં આગણમાં પુષ્ટિ બીજ રોપે – તનનાં સ્પંદનમાં પુષ્ટિ રંગ સિંચે દૂર કરે વિરહ નો પ્રકાપ – ખેલ ખેલે જીવનનાં ગ્વાલ
લીલાથી લીલા સ્પર્શાય – નંદકુંવર મારો આનંદે સોહાય

જગન્નાથ! જગન્નાથ! જગન્નાથ! જગન્નાથ! હે જગત કે નાથ! કેટલા ભાવ – કેટલા જ્ઞાન અને કેટલા યોગ સંયોગથી આપ ભક્તોને સ્વ ઓળખવા – સ્વ ચારિત્રવાન કરવા – જન્મ જીવન સમજવા આપ પ્રકટ થાવો છો. સાચે જ માનવ સંસ્કૃતિ – સંસ્કારની અનોખી મિશાલ છે. કોઈપણ જીવ ક્યારેય દુ:ખી, ક્યારેય તકલીફ, ક્યારેય મુસીબત, ક્યારેય નાસીપાસ થાય કે તુરંત સમક્ષ – તુરંત હાજર – તુરંત સેવક – તુરંત રક્ષક – તુરંત શિક્ષક.
એવી લીલા તારી નાથ કે ન ક્ષણ છૂટે મારો હાથ.
હે નાથ! તું છે ઈશ્વર – તું છે સર્વેશ્વર – તું છે સત્યેશ્વર – તું છે કાળેશ્વર – તું છે વિશ્વેશ્વર, તું છે કરુણેશ્વર, તું છે સેવકેશ્વર, તું છે રક્ષેશ્વર, તું છે વિદ્યેશ્વર, તું છે પૂર્ણેશ્વર, તું છે વિઘ્નેશ્વર, તું છે રંગેશ્વર, તું છે ભક્તેશ્વર, તું છે પ્રેમેશ્વર, તું છે જય જગદીશ.



श्री गोकुलनाथजी (गोकुल)
શ્રી ગોકુલનાથજી (ગોકુલ)



श्री गोकुलनाथजी प्राकट्य सं. १६०८
શ્રી ગોકુલનાથજી પ્રાકટ્ય સં. ૧૬૦૮

श्री द्वारकाधीशजी (कांकरोली)
શ્રી દ્વારકાધીશજી (કાંકરોલી)



श्री बालकृष्णजी प्राकट्य सं. १६०६
શ્રી બાલકૃષ્ણજી પ્રાકટ્ય સં. ૧૬૦૬



श्री बालकृष्णजी (सूरत)
શ્રી બાલકૃષ્ણ (સૂરત)



श्री यदुनाथजी प्राकट्य सं. १६१५
શ્રી યદુનાથજી પ્રાકટ્ય સં. ૧૬૧૫



श्री विठ्ठलनाथजी (नाथद्वारा)
શ્રી વિઠ્ઠલનાથજી (નાથદ્વારા)



श्री गोविंदरायजी प्राकट्य सं. १५९९
શ્રી ગોવિંદરાયજી પ્રાકટ્ય સં. ૧૫૯૯



श्री गोकुलचन्द्रमाजी (कामवन)
શ્રી ગોકુલચન્દ્રમાજી (કામવન)



श्री रघुनाथजी प्राकट्य सं. १६११
શ્રી રઘુનાથજી પ્રાકટ્ય સં. ૧૬૧૧



श्री मथुराधीशजी (कोटा मे)
શ્રી મથુરાધીશજી (કોટા મા)



श्री गीरधरजी प्राकट्य सं. १५९७
શ્રી ગીરધરજી પ્રાકટ્ય સં. ૧૫૯૭



श्री मदनमोहनजी (कामवन)
શ્રી મદનમોહનજી (કામવન)



श्री घनश्यामजी प्राकट्य सं. १६२८
શ્રી ઘનશ્યામજી પ્રાકટ્ય સં. ૧૬૨૮

પુષ્ટિમાર્ગ – પુષ્ટિસેવા – પુષ્ટિસિદ્ધાંત – પુષ્ટિવિજ્ઞાન – પુષ્ટિસૃષ્ટિ – પુષ્ટિવૃષ્ટિ – પુષ્ટિદ્રષ્ટિ – પુષ્ટિકૃતિ – પુષ્ટિભક્તિ – પુષ્ટિશક્તિ – પુષ્ટિયોગ – પુષ્ટિસંયોગ
– પુષ્ટિવિયોગ – પુષ્ટિરંગ – પુષ્ટિસંગ – પુષ્ટિઉમંગ – પુષ્ટિસત્સંગ – પુષ્ટિતરંગ – પુષ્ટિયાંગ – પુષ્ટિઅંગ – પુષ્ટિરીતિ – પુષ્ટિનીતિ – પુષ્ટિમિતિ – પુષ્ટિયુતિ – પુષ્ટિપ્રકૃતિ – પુષ્ટિસંસ્કૃતિ – પુષ્ટિવિભૂતિ – પુષ્ટિપ્રેરણા – પુષ્ટિસ્ફુરણા – પુષ્ટિધરણાં - પુષ્ટિતૃષ્ણા – પુષ્ટિકૃપા – પુષ્ટિરૂપા – પુષ્ટિનૃપા – પુષ્ટિસુધા – પુષ્ટિસુવિદ્યા – પુષ્ટિવંદન – પુષ્ટિસ્પંદન – પુષ્ટિસૃજન – પુષ્ટિગૂંજન – પુષ્ટિકૂંજન – પુષ્ટિજન – પુષ્ટિનંદન – પુષ્ટિનમન – પુષ્ટિવર્ણન – પુષ્ટિપૂરણ – પુષ્ટિવરણ – પુષ્ટિશરણ – પુષ્ટિચરણ – પુષ્ટિકરણ – પુષ્ટિનિધિ – પુષ્ટિવિધિ – પુષ્ટિવૃદ્ધિ – પુષ્ટિશુદ્ધિ –

હે ગોવર્ધન નાથ! હે ગિરિરાજ ધરણ! હે સ્વામિની સ્વામિ! હે યમુને પ્રિયતમ! હે વલ્લભ પ્રિય! હે વિઠ્ઠલ નાથ! હે અષ્ટસખા પરમસખે! હે ગોપિ પ્રેમી! હે ગોપ ચારણ! હે પુષ્ટિ પતિ! હે વૈષ્ણવ પ્રભુ! હે વ્રજ આનંદ! હે શ્યામ સુંદર! હે શ્યામા પૂર્ણરંગ!
એવા ઊભા છે જોએ કોઈની રાહ – એવા ઊભા છે જોએ કોઇની વાટ – એવા ઊભા છે કરે કોઇની તાલાવેલીની ભાળ – એવા ઊભા છે કરે કોઇની નજરની કોર – એવા ઊભા છે પૂરે વચનની સોગંદ – એવા ઊભા છે પૂરે પુષ્ટિ કેરો સંકેત
કોને ન સાદે – કોને ન પુકારે – કોને ન કહે – કોને ન સંભળાવે – કોને ન જગાવે – કોને ન બોલાવે – કોને ન જણાવે – કોને ન નિહાળે – કોને ન યાદે – કોને ન મળે – કોને ન સ્પર્શે – કોને ન વિચારે – કોને ન વ્હારે – કોને ન ધારે



कृष्ण स्त्वन्यतमं रूपं गोपविश्रम्भणं गत : ।
शैलो **s** स्मीति बृवन् भूरि बलिमादद् बृहद्वपु : ।।
तस्मै नमो व्रजजनै : सचक्रे आत्मना **ss** त्मने ।
अहो पश्यत शैलो **s** सौ रुपी नो **s** नुग्रहं व्यघात् ।।

“ શ્રીનાથજી “ આ નામ નું રહસ્ય અદભુત છે. એક સર્વે વિજ્ઞપ્તિ કરું છુ. આ નામ શ્રીગોકુલનાથજીએ આપ્યું છે. કેટલું અનોખું આશ્ચર્ય! શ્રીગુંસાઈજી શ્રીગોવર્ધનનાથજી કહે અને શ્રીગોકુલનાથજીએ શ્રીનાથજી. પુષ્ટિ માર્ગમાં સ્વીકાર્ય બન્ને તો પણ શ્રીગોકુલનાથજીએ આચરણ અને પંથક અલગ – કેવું વિચિત્ર આશ્ચર્ય! શ્રીનાથજી નો વૈજ્ઞાનિક અર્થ છે પરબ્રહ્મ. નાથ નો અર્થ કરીએ છીએ પતિ – પતિ નો અર્થ છે – સદા રક્ષતિ. આપણે જીવ અને જીવનું રક્ષણ સદા પરબ્રહ્મ જ કરે. જન્મ જન્મ, જીવન જીવન, આકાર આકાર, પ્રકાર પ્રકાર, યોનિ યોનિ, કક્ષા કક્ષા. મંગળા દર્શનથી શયન દર્શનનું માહાત્મ્ય આ નામ સાથે સંકળાયેલું છે. શ્રીવલ્લભાચાર્યજીએ શ્રી ગોવર્ધન પ્રાકટ્ય નાં વિગ્રહ ની આજ્ઞા કેમ સ્વીકારી? કારણ કે તેમના પ્રાકટ્યનું મૂળ રહસ્ય જ આ છે - જીવ રક્ષયતિ. રક્ષવું એટલે સર્વથા થી સલામત રાખવું. પુષ્ટિમાર્ગનું મૂળ ગોત્ર આ છે. આજે જે નિધિ સ્વરૂપ ગોકુળ માં શ્રીગોકુલનાથજીની બૈઠકજીમાં સેવ્ય છે – તે સ્વરૂપ “ શ્રીનાથજી “ છે.

નવ નવ નિત નિત શ્વાસ જગાવું
આંતર બાહ્ય પુષ્ટિ જીવન જગાવું
નિત નૂતન નયન દ્રષ્ટિ જગાવું
તન મન ધનથી સેવા જગાવું
જન્મ ને પુષ્ટિ સંસ્કાર નિરુપી
ભવ ભવ થી પુષ્ટિ કાર્ય નિપટાવું
હે નવનીત પ્રિયે! તમારી શરણ
ક્ષણ ક્ષણ નમું તમારા ચરણ

દ્વારિકાનાં રાજા પુષ્ટિ પ્રમુખ સુજાતા
ઝાંખી નિહાળી આનંદ ઊર્મિ પ્રણેતા
ધન્ય ધન્ય જીવન સંવારતા
પુષ્ટિ દંડવત સ્વીકારતા
પધારે આત્મ દ્વાર

શ્રીનાથજી – દેવદમન – ઇન્દ્રદમન – નાગદમન! આ ત્રણ સ્વરૂપ કેમ? આ ત્રણ નામ કેમ? શ્રીવલ્લભાચાર્યજી સર્વથા અખંડ ભૂમંડલાચાર્ય જગદગુરુ એટલે જ પ્રતિષ્ઠિત છે – જે સદા સર્વનું કલ્યાણ કરે છે. દરેક જીવનું ત્રણ સ્વરૂપ છે. એટલે શ્રીનાથજી ત્રણ સ્વરૂપે પ્રકટ થઈ ત્રણે પ્રકારનાં જીવ સ્વરૂપ નું રક્ષણ કરે છે. દેવદમન – દેવો થી, ઇન્દ્રદમન – ઇન્દ્રથી અને નાગદમન નાગોથી. આપણા શાસ્ત્રો કહે છે દેવ પ્રકોપ – ઇન્દ્ર પ્રકોપ – નાગ પ્રકોપ. જીવનો જન્મ મનુષ્ય પ્રકારે થયો અને આ ત્રણ સ્વરૂપોની સામર્થ્ય લીલા નો પ્રારંભ. દેવ – દેવ – દેવ * ઇન્દ્ર – ઇન્દ્ર – ઇન્દ્ર * નાગ – નાગ – નાગ * આ સર્વે થી સહુ ને ત્રાસ. દેવને મનાવવા – ઇન્દ્રને મનાવવા – નાગને મનાવવા એટલે આ સર્વનું અનુષ્ઠાન – સર્વેનું પૂજન અર્ચન. પણ જો કેવળ એક જ શ્રીનાથજી નું જ સ્મરણ તો ન કદી ત્રાસે કોઈ યવન. દેવદમન – દેવો નું નિયંત્રણ કરે, ઇન્દ્રદમન – ઇન્દ્રનું નિયંત્રણ કરે, નાગદમન – નાગ નું નિયંત્રણ કરે. સર્વથા સદા રક્ષતિ – શ્રીનાથજી.

નયન બિંબ માં મુરત તારી, અધર સ્વરમાં સ્મરણ તારું, કર્ણ ગૂંજમાં લીલા તારી, કેવો અદભુત શ્રી ગોવર્ધનધારી. ગિરિરાજની તળેટીમાં લીલા પ્રકટાવી, ઠકુરાણી ઘાટે પુષ્ટિ માર્ગ પ્રકટાવ્યો, વલ્લભ વિઠ્ઠલ નાં શ્રીગોવર્ધનચારી. જીવ જીવ ને બ્રહ્મ સંબંધ બાંધી, અંતર અંતર પુષ્ટિ સિદ્ધાંત જગાવી, ઊભો છું સદા તું વ્રજરાજ શ્રીગિરિરાજધારી. મન નિકુંજ તન નિકુંજ જીવન નિકુંજ કૃષ્ણમુરારી, સદા બિરાજે ગૃહ ચૌખટ ગૃહ સેવામાં હે શ્રી નાથ ગિરધારી.



પ્રાથમિક મુખારવિંદ – શ્રી ગોવર્ધન – જતીપુરા

ઑ શ્રીનાથજી પધારજો તમે અમારા ગૃહે, આપજો કૃપા પુષ્ટિ સૃષ્ટિ ની જન્મો જન્મથી અમારું કુટુંબ તળ વળે, પુષ્ટિ સિદ્ધાંત ની સમજ આપજો
આપ સાંનિધ્ય થી આ જીવ સુધરે, અહંતા મમતા થી દરેક વ્યવહાર છૂટે શ્રીયમુનાજી પધારશે, શ્રીવલ્લભાચાર્યજી પધારશે, પુષ્ટિ પુષ્ટિ ની વૃષ્ટિ થશે ઑ શ્રીનાથજી પધારજો તમે, પધારજો તમે, પધારજો તમે.

હે નાથ! પહેરી શ્યામ ચોકરી પાઘ સજાવ્યો સોળે કળા શૃંગાર તમે કેવા સુંદર લાગો તમે કેવા સુંદર લાગો
હડપચી એ ચિબુક હીરો ગળે વૈજયંતી મોતીયન માળ
તમે કેવા સુંદર લાગો તમે કેવા સુંદર લાગો
ગોપન ગુંજા માળા ફૂલ માળા તુલસી માળા વન માળા
તમે કેવા સુંદર લાગો તમે કેવા સુંદર લાગો
હાથ બાજુબંધ કેડ કંદોરો પગ પગ પાયલ
તમે કેવા સુંદર લાગો તમે કેવા સુંદર લાગો
હસ્ત હસ્ત વેણુ હસ્ત હસ્ત લકૂટી હસ્ત કરે સાદ
તમે કેવા સુંદર લાગો તમે કેવા સુંદર લાગો
નયન પ્રેમ દર્શન મન પ્રેમ દર્શન અંગ પ્રેમ દર્શન હ્રદય પ્રેમ દર્શન તમે કેવા સુંદર લાગો તમે કેવા સુંદર લાગો

છોટો સો મેરો ગોવિંદ ગોપાલ નન્હો સો મેરો મદન ગોપાલ નન્હી સી ટચૂકડી સી ઊંગલી પર ઉઠાએ મેરો જીવન સંસાર કૈસો હૈ રે તુ હમારો યશાદો કો જાયો નંદ કો લાલો
ગોપીઓ કો પ્યારો વ્રજ કો દુલારો કૃષ્ણ કન્હૈયાલાલ
ગૌ કે પાલક ગોપો કે રક્ષક આનંદ કે શિક્ષક દુષ્ટ કે ભક્ષક તુ મેરો શ્રીનાથ તુ સારે જગત કો નાથ હૈ જગન્નાથ

મુખ મુક્ત મુખારવિંદ
દર્શન સ્પર્શે નયન બિંબ
હસે આત્મા પ્રણય કિંદ
પ્રગટે મન મન આનંદ ધિન
નાથ નાથ દુઃખ કષ્ટ છિન્ન
પુષ્ટિ પ્રભાત જીવન દીન

ઊભા છે શ્રીનાથ અમારે દ્વારે
હાથ ઊંચો કરી સાદ પુકારે
આવ શ્રી વલ્લભ નાં પ્યારા
આવ શ્રી યમુના નાં દુલારા
સંસાર ખેલ ખેલે જીવન દ્વારા
પુષ્ટિ પ્રેમ પ્રકટાવીએ ભવ ભવ ન્યારા





હે મારા વલ્લભરાય! મારો કરો પુષ્ટિ ન્યાય
બ્રહ્મ સંબંધથી બાંધુ પુષ્ટિ અનન્યએ
મંત્ર પામું ‘ શ્રી કૃષ્ણ: શરણં મમ ’ યે
અવિરત સ્મરું સ્મરણ જીવન અધ્યાયે
સ્પર્શ પામું પુષ્ટિ પરિણયે
પૂર્ણતા યાચું અજન્મા ધ્યેયે

હે નાથ! તારા શરણે આવ્યો તારા ચરણે આવ્યો તારા દર્શને આવ્યો મન મન સ્મરણ તન તન વંદન આતમ આતમ દંડવત
શ્રી કૃષ્ણ: શરણં મમ – શ્રી કૃષ્ણ: શરણં મમ
આ જ રટણ આ જ નમન આ જ કરણ
તું જ મારો નાથ પકડે તું જ મારો હાથ
અપલક નજર અપલક નયન અપલક દ્રષ્ટિ
ક્ષણ ક્ષણ તું જ સૃષ્ટિ ઘટ ઘટ તું જ પુષ્ટિ

મંગળ દર્શન અમંગળ હારી તું જ આશરો સ્વીકારી
નાથદ્વાર દૌડું જ્યાં તું બિરાજે દૂર દૂર થી તારો સાદ સાંભળું
દૂર દૂર થી તારો હાથ નિહાળું હસતો હસતો રાહ નિભાવું
દ્વાર દ્વાર પર તારી લીલા સાંભળું સ્પંદન સ્પંદન તારો સ્પર્શ પામું

કેવી તારી પરિસ્થિતિ તું એકલો એકલો ઊભો
કેવી તારી પરિસ્થિતિ તું હાથ કરી ઊભો
કેવી તારી પરિસ્થિતિ તું સાદ કરતો ઊભો
કેવી તારી પરિસ્થિતિ તું રાહ જોતો ઊભો
કેવી તારી પરિસ્થિતિ તું સદા સદા ને ઊભો
કેવી તારી પરિસ્થિતિ તું પ્રેમ લુટાવતો ઊભો
કેવી તારી પરિસ્થિતિ તું સહુ ની ચાહ થી ઊભો



મને તું યાદ આવે ત્યારે આવું
મને તારી જરૂર પડે ત્યારે આવું
મને અગવડ પડે ત્યારે આવું
મને દુઃખ આવે ત્યારે આવું
મને સમજ પડે ત્યારે આવું
હું કોણ તું કોણ કોણ કોણ જાણ નહીં
ભટક ભટક અટક અટક લટક લટક સ્વાર્થ તણો ત્યારે આવું
હું આ જીવ કેવો જીવન કેવું સંસાર ત્યજુ ત્યારે આવું

તું મંગળા ધરે તું શૃંગાર સજે
તું ગ્વાલ બને તું રાજભોગ જમે
તું ઉત્થાપન ઉઠે તું ભોગ લૂંટે
તું સંધ્યા ઉભે તું શયન પોઢે
અપરંપાર લીલા તારી આઠો શમા તું ગિરધારી
અનોખી અનોખી તારી પ્રેમ બલિહારી

મહેલોમાં જીવું અથવા ગલી ગલી જીવું
તારો એક આધાર હું તારા પ્રેમ માં જીવું

ઝૂંપડીમાં જીવું ફૂટપાથ પર જીવું
તારો એક સાથ હું તારા હાથથી જીવું

રસ્તા પર જીવું એક ખૂણામાં જીવું
તારો એક સાદ તું જ્યાં કહે ત્યાં જીવું

ખબર છે મને હું તારો કોણ છું?
નથી ખબર મને તું મારો કોણ છે?
જનમ જનમ કેવો કેવો હું?
નથી ખબર જનમ જનમ તું કેવો?
અનેક અનેક દેહ ધરું કેવો હું?
નથી ખબર દેહ દેહ તું અવતાર ધરું?
હે નાથ! એક વાર કેવળ એક વાર તું હું ધરું
ખબર પડે તું કેવો તું કોણ હું કોણ

મયૂર પંખ જામા મયૂર પંખ ધાગા
મયૂર પંખ મુખડા મયૂર પંખ છોગા
મયૂર પંખ માળા મયૂર પંખ શૃંગા
મયૂર પંખ નયન મયૂર પંખ કુંડળ
મયૂર પંખ લકૂટી મયૂર પંખ વાંસળી
મયૂર પંખ ઝાંઝરી મયૂર પંખ નથણી
મયૂર પંખ વેણુ મયૂર પંખ ધેનુ
ન્યારા દર્શન પ્યારા દર્શન મધુરા દર્શન








पवित्रा एकादशी


























શ્રીનાથજીબાવાકી જય - જય શ્રી કૃષ્ણ



koti devi devta













શ્રીઠાકોરજી સન્મુખ ઝારીજી પધરાવતા શ્રીયમુનાજી















શ્રીનાથજીબાવાની પીઠીકા
કીર્તન ભક્તિ - પોપટ શુકદેવજી
સ્મરણ ભક્તિ
સંત સનકાદિક
આત્મ નિવેદન ભક્તિ
નારદ અને નારાયણ મુની
વંદન ભક્તિ - ઘેટું
પાદ સેવન ભક્તિ -
શેષનાગ
શ્રવણ ભક્તિ - સર્પ
સાંખ્ય ભક્તિ - સિંહ
દાસ્ય ભક્તિ
બે ગાયો
અર્ચન ભક્તિ -મયુર

[illegible]!

[illegible]

[illegible] - [illegible]



"Vibrant Pushti"

Inspiration of vibration creating by experience of

life, environment, real situation and fundamental elements

" Vibrant Pushti "

53, Subhash Park, Sangam Char Rasta

Harni Road, City: Vadodara - 390006

State: Gujarat, Country: India

Email: vibrantpushti@gmail.com

" [illegible] "